# ચૌદમી ગુજરાત વિધાનસભા
# દિવસના કામકાજની યાદી

**આઠમું સત્ર**

**ગુરૂવાર, તા. ૧લી એપ્રિલ, ૨૦૨૧**

**પહેલી બેઠક**

**સવારના ૧૦–૦૦ થી બપોરના ૨–૩૦ વાગ્યા સુધી**

**સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૨૧નું ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક.

.......દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

***..... માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા***

(૨) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૨૧નું ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી વિધેયક.

.......દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

***..... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ***

(૩) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૧નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત (સુધારા) વિધેયક.

.......દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

***..... માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલ***

(૪) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૨૧નું ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) વિધેયક.

.......દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

***..... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ***

...૨...

## બીજી બેઠક

## બપોરના ૩–૩૦ થી સાંજના ૮–૦૦ વાગ્યા સુધી

**૧. પ્રશ્નોત્તરી**

**તારાંકિત પ્રશ્નોત્તરી**

(૧) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નાણા, માર્ગ અને મકાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, નર્મદા, કલ્પસર, પાટનગર યોજના

(૨) માનનીય ઊર્જા મંત્રીશ્રી

(૩) માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા (અનુસૂચિત જાતિ કલ્યાણ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ સહિત) મંત્રીશ્રી

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇ (પુર્ણેશ મોદી, અરવિંદ પટેલ અને હર્ષ સંઘવી) માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોરશે:–

તાજેતરમાં વલસાડ જિલ્લાના ઉંમરગામ ખાતે એક બિલ્ડરનું અજાણ્યા ઈસમો દ્વારા બંદૂકની અણીએ અપહરણ કરી રૂ.૩૦ કરોડની ખંડણી માંગતા તે વિસ્તારના લોકોમાં ભયનું વાતાવરણ ઊભું થવા પામેલ છે. આથી આ ગુનામાં સંડોવાયેલા ઇસમોને ઝડપી લઇ તેમના ગેરકાયદેસર કૃત્ય માટે તેમની સામે કડક કાર્યવાહી કરવા તેમજ લોકોમાં ફેલાયેલ ભય અને રોષની લાગણી દૂર કરવા રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.

**૩. વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો**

(૧) (ક) ગુજરાત સરકારના સન ૨૦૧૯–૨૦ના વર્ષના નાણાકીય હિસાબો (ભાગ–૧ અને ભાગ–૨) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૧૯–૨૦ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)

**.......માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(૨) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**......માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(૩) દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક વહીવટી અહેવાલ

**....માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર**

(૪) ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૧૯નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**.....માનનીય રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા**

(૫) ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**.....માનનીય રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા**

**૪. સભાગૃહની પ્રથમ બેઠકમાં વિચારણા માટે બાકી રહેલ તમામ સરકારી વિધેયકો**

**૫. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨):**

**માનનીય સભ્ય શ્રીમતી ગીતાબા જાડેજાનો પ્રસ્તાવ**

**૬૦ મિનિટ**

"સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામય" એ માનવ જીવનના સ્વાસ્થ્ય અને કલ્યાણની વિભાવનાને ચરિતાર્થ કરતી ભારતની સંસ્કૃતિ સાથે વણાયેલી વૈદિક યુગની વિચારધારા છે.

પ્રજાના સ્વાસ્થ્ય માટે રાજ્ય સરકારે આરોગ્યક્ષેત્રે વિવિધ સંશાધનો ઉભા કરીને મહત્તમ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવેલ છે. વૈશ્વિક કક્ષાના માપદંડો અને ઉચ્ચ ગુણવત્તાની શાખ ધરાવતી All India Institute of Medical Science-AIIMS દેશના જુદા જુદા ૨૦ રાજ્યોમાં ભારત સરકાર દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ છે અને ૨૧મી AIIMSની ગુજરાતને ભેટ મળી છે જેને રાજકોટ ખાતે પ્રસ્થાપિત કરવા ભારત સરકાર દ્વારા મંજૂરી મળેલ છે. આ સંસ્થાના નિર્માણ માટે રાજ્ય સરકાર દ્વારા ૨૦૦ એકર જમીન ફાળવવામાં આવી છે અને રૂા.૧૨૦૦ કરોડના ખર્ચે ૭૫૦ બેડની AIIMS હોસ્પિટલનું નિર્માણ થનાર છે. આ AIIMS હોસ્પિટલની ખાતમુહૂર્તવિધિ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે તાજેતરમાં સંપન્ન કરવામાં આવેલ છે. આ હોસ્પિટલ કાર્યાન્વિત થવાથી રાજ્યના પ્રજાજનો માટે ઉત્તમ તબીબી સારવાર, ઉત્તમ તબીબી શિક્ષણ અને રોજગારીનું સર્જન થશે તેમજ હેલ્થકેર સેક્ટરમાં રાજ્યના મેડીકલ ટુરીઝમને વેગ મળશે.

રાજકોટ ખાતેની AIIMS હોસ્પિટલ પૂર્ણ સ્વરૂપે ચાલુ થતા MBBS અને નર્સિંગનો અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાનું શિક્ષણ મેળવવાની તક મળશે તેમજ આ સંસ્થામાં ન્યુરોસર્જરી, એન્જીયોપ્લાસ્ટી, હાર્ટ સર્જરી, બાયપાસ, ની–રીપ્લેસમેન્ટ, પિડીયાટ્રીક સર્જરી, ટ્રાન્સપ્લાન્ટ, કેન્સર સર્જરી જેવી જટિલ આરોગ્ય સેવાઓ માટે નિષ્ણાંત તબીબોની સેવાઓ લોકોને પ્રાપ્ત થશે તેમજ લેબોરેટરી અને રેડીઓલોજી વિભાગની અત્યાધુનિક સુવિધાઓ લોકોને રાહતદરે પ્રાપ્ત થનાર છે ત્યારે રાજ્યની પ્રજાની જનસુખાકારી માટે લાભકારક બની રહે તે માટે રાજકોટ ખાતેની નિર્માણાધિન AIIMS હોસ્પિટલનું નિર્માણ કાર્ય સમયબદ્ધ રીતે પૂર્ણ કરવા રાજ્ય સરકાર કેન્દ્ર સરકારના સંકલનમાં કાર્યવાહી કરે તે માટે આ સભાગૃહ ચર્ચા–વિચારણા કરે.

...૪...

**૬. <u>વિધાનસભાના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો</u>**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૮૭(ક) અન્વયે અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવા.

***........સચિવશ્રી, ગુજરાત વિધાનસભા***

**વિધાનસભાગૃહ,**
**ગાંધીનગર.**
**તા. ૩૧મી માર્ચ, ૨૦૨૧**

**ડી. એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**